# ધી ન્યુઝલાઇન

વર્ષ : ૨૪ અંક : ૨૮૮ તા. ૦૩-૦૮-૨૦૧૮ પાનાં ૪ માલિક : જયની પબ્લીશર્સ તંત્રી : રણછોડ એન. શાહ સહ તંત્રી : રાધિકા ગંજવાલા


## વ્યાજદરમાં વધારો કરાયો હોવા છતાં પણ નિફ્ટીએ તે સપોર્ટ લેવલ જાળવી રાખ્યું

ગયા અંકમાં ૧૧૨૨૨નો મજબૂત સપોર્ટ નિફ્ટીને મળશે તે ગણતરી દર્શાવી હતી અને રિઝર્વ બેન્ક દ્વારા વ્યાજદરમાં વધારો કરાયો હોવા છતાં પણ નિફ્ટીએ તે સપોર્ટ લેવલ જાળવી રાખ્યું છે. અઠવાડિયાની શરૂઆતની પ્રથમ ૩ સેશન દરમિયાન સેન્સેક્સ અને નિફ્ટીમાં ઝડપી ઉછાળો જોવાયા પછી ગુરૂવારે અપેક્ષા મુજબ કરેક્શન જોવાયું હતું અને આ પ્રકારનું કરેક્શન એકદમ યોગ્ય કહી શકાય.

આંતરરાષ્ટ્રીય સ્તરેથી પોઝિટીવ સમાચારોનો ટ્રેન્ડ જળવાઈ રહ્યો છે અને ગયા અઠવાડિયા દરમિયાન આવેલા અમેરિકન કંપનીઓના પરિણામો પણ અપેક્ષા કરતાં ઘણાં જ પોઝિટીવ છે. અમેરિકાની ટોચની એફએમસીજી કંપની પ્રોક્ટર એન્ડ ગેમ્બલમાં એનાલિસ્ટોને ૯૦ સેન્ટની કમાણીની અપેક્ષા હતી અને તેની સરખામણીમાં કંપનીએ ૯૪ સેન્ટની સંભાવના દર્શાવી છે અને તેવી જ રીતે અમેરિકામાં વ્યક્તિગત આવકોમાં પણ જૂન મહિના દરમિયાન ૦.૪ ટકાનો ઉછાળો જોવાયો છે અને તેવી જ રીતે પ્રાઈવેટ પે-રોલમાં પણ એનાલિસ્ટોની ૧૮૫૦૦૦ની અપેક્ષા સામે વાસ્તવમાં ૨૧૯૦૦૦ નવી રોજગારીઓ ઊભી થઈ છે અને તે બાબત અમેરિકન અર્થતંત્ર અંગે સોલિડ મજબૂતી દર્શાવે છે.

અમેરિકામાં પે-રોલના મજબૂત આંકડા પછી ૧૦ વર્ષનું ટ્રેઝરી યિલ્ડ અત્યારે ૩ ટકાના લેવલ ઉપર આવી ગયું છે.

અમેરિકન બજારમાં ક્રૂડના ભાવમાં પણ ૨.૧ ટકાનો વધારો જોવાયો હતો અને ઓઈલ સપ્લાય ટાઈટ રહેવાની સંભાવના પાછળ ક્રૂડના ભાવમાં ઉછાળો આવ્યો છે અને સામે પક્ષે આઈએસએમ મેન્યુફેકચરિંગ ઈન્ડેક્સ પણ જુલાઈ મહિના દરમિયાન ૫૮.૧૦ ટકાના લેવલ ઉપર રહ્યો છે. પરંતુ કન્સ્ટ્રક્શન ખર્ચમાં જૂન મહિના દરમિયાન ૧.૧ ટકાનો ઘટાડો થયો હતો. અમેરિકન પ્રમુખ દ્વારા આયાતો ઉપર જોરદાર ટેરિફ લગાડી દેતાં અમેરિકન ગ્રાહકોની ખરીદી અમેરિકન ઉત્પાદનો ઉપર શિફ્ટ થઈ ગઈ છે અને તેની સીધી અસર રોજગારીના આંકડા અને મેન્યુફેકચરિંગ ઈન્ડેક્સ ઉપર થઈ રહી છે અને નવા મહિના દરમિયાન પણ રોજગારી અને મેન્યુફેકચરિંગ ઈન્ડેક્સમાં મોટો ઉછાળો જોવા મળે તે સંભાવના છે.

પરંતુ સામે પક્ષે કન્સ્ટ્રક્શન ખર્ચમાં ૧ વર્ષ અગાઉનાં આંકડાની સરખામણીમાં મોટો ઘટાડો જોવાયો છે. કન્સ્ટ્રક્શન ખર્ચ ૧.૧ ટકા ઘટ્યો છે અને એપ્રિલ-૨૦૧૭ પછી આ ખર્ચમાં સૌથી મોટો ઘટાડાનો ટ્રેન્ડ છે. પરંતુ સામે પક્ષે મે મહિનાના આંકડામાં અપવર્ડ રિવિઝન કરવામાં આવ્યું છે.

અમેરિકા હવે ચીન ઉપર મોટા પાયે ટેરિફ લગાડી દે તે સંભાવના છે. અમેરિકામાંથી મળતા સંકેતો મુજબ ડોનાલ્ડ ટ્રમ્પ ચીનથી આયાત થતી પ્રોડક્ટો ઉપર ૨૦૦ બિલિયન ડોલરના ટેરિફ લગાડી દે તે સંભાવના છે અને તે રીતે ટેરિફને ૨૫ ટકા સુધી લઈ જવામાં આવશે અને તેની અસર વિશ્વભરના અર્થતંત્રોને ખૂબ જ મોટા પાયે થાય તે સંભાવના છે અને તે પાછળ ઔદ્યોગિક ધાતુઓના ભાવમાં પણ ઘટાડાની સંભાવના છે. ગયા અઠવાડિયે અમેરિકન ફેડરલ રિઝર્વની મીટીંગ મળી હતી અને તેમાં ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં કોઈ જ ફેરફાર નથી કરાયો પરંતુ સામે પક્ષે અમેરિકન અર્થતંત્ર અતિશય મજબૂત હોવાનું મંતવ્ય અમેરિકન ફેડરલ રિઝર્વે દર્શાવ્યું છે અને આ અંદાજ પછી અમેરિકન શેરબજારોમાં મોટો ઉછાળો જોવાયો હતો. પરંતુ ફેડરલ રિઝર્વ દ્વારા એનાલિસ્ટોની અપેક્ષા કરતાં તદ્દન વિરુદ્ધ વ્યાજદરમાં કોઈ જ વધારો નથી કરાયો. ગયા મહિનાની મીટીંગમાં ફેડરલ રિઝર્વે વ્યાજદર વધાર્યા પછી સને ૨૦૧૮ દરમિયાન વ્યાજદરમાં ૩ વખત વધારો કરાશે તેવો આડકતરો સંકેત આપ્યો હતો અને ઓગસ્ટ શરૂઆતની મીટીંગ પછી હવે સપ્ટેમ્બર મહિનામાં વ્યાજદર વધારો આવે તેવી ગણતરી છે.

ભારતમાં બુધવારે રિઝર્વ બેન્કની મીટીંગ મળી હતી અને તેમાં રિઝર્વ બેન્ક દ્વારા રેપોદરમાં વધારો કરવામાં આવ્યો છે અને તેને કારણે ઓટો ધિરાણ અને હાઉસિંગ ફિનાન્સ તેમજ કન્ઝ્યુમર ફિનાન્સ મોંઘા થશે. ફુગાવો ઝડપથી વધી રહ્યો હોવાથી ફુગાવાને અંકુશમાં રાખવાના પગલાંની રીતે રિઝર્વ બેન્કે વ્યાજદરમાં વધારો કર્યો છે અને આ વધારા પછી બુધવાર બપોરે અને ગુરૂવારે શેરબજારમાં પ્રોફીટ બુકીંગ અને કરેક્શન જોવાયું હતું.

ભારતમાં ચોમાસા અંગેનું ચિત્ર થોડુંક નકારાત્મક બન્યું છે અને સ્કાયમેટ દ્વારા હવે ચોમાસું લગભગ ૯૫ ટકા સરેરાશ દર્શાવશે તેવો સંકેત અપાયો છે અને સ્કાયમેટના આ અંદાજની અસર પણ ગુરૂવારના માર્કેટ ઉપર થઈ. તેમ છતાં દેશના અમદાવાદ જેવા અમુક વિસ્તારોને બાદ કરતાં મોટા ભાગના વિસ્તારોમાં ચોમાસાનું પ્રમાણ સરેરાશ કરતાં વધારે રહ્યું છે અને અત્યારે મોટા ભાગના જળાશયોમાં પાણીનું લેવલ સંતોષકારક છે અને આ ડેવલપમેન્ટની સાથે સાથે જુલાઈ મહિનાના જીએસટીના આંકડા પણ અપેક્ષા કરતાં ઘણાં સારા આવ્યા. એમ તો નાણાંમંત્રાલયને રૂ. ૧ લાખ કરોડના જીએસટીની વસૂલાતની અપેક્ષા હતી અને તેની સરખામણીમાં વસૂલાત થોડી ઓછી થઈ છે. પરંતુ રૂ. ૯૦૦૦૦ કરોડની સરખામણીમાં વસૂલાતનો આંકડો ઘણો મજબૂત છે અને તે પાસું પણ આગામી દિવસોમાં શેરબજારને પોઝિટીવ અસર કરશે તે સંભાવના મજબૂત છે.

### ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં કોઈ જ ફેરફાર નથી કરાયો

અગાઉના વર્ષના ઊંચા બેઝને કારણે જુલાઈ મહિના દરમિયાન સ્થાનિક ઓટો વેચાણોમાં ૨ ટકાનો ઘટાડો જોવાયો છે. જૂન-૨૦૧૭ દરમિયાન ઓટોમોબાઈલ સેક્ટરમાં ૩૭ ટકાનો અસાધારણ વૃદ્ધિદર જોવાયો હતો અને આવા જોરદાર વૃદ્ધિદર પછી જુલાઈ મહિના દરમિયાન ઓટોમોબાઈલના વેચાણો લગભગ ૨ ટકા ઘટીને ૨૮૯૯૪૬ યુનિટ થયા છે. પરંતુ મોટા ભાગની કંપનીઓના વેચાણો અગાઉના મહિનાની સરખામણીમાં વધ્યા છે અને જુલાઈ-૨૦૧૭ની સરખામણીમાં તો ઓટો ઉદ્યોગના વેચાણોમાં ૧૫ ટકાની વૃદ્ધિ જોવાઈ છે. સામાન્ય રીતે જુલાઈ મહિનામાં ચોમાસાની સિઝન હોય છે એટલે માંગ ઠંડી હોય છે અને મોટા ભાગના ગ્રાહકો ચોમાસામાં નવી ગાડી ખરીદવાને બદલે ઓગસ્ટની તહેવારોની સિઝન દરમિયાન વાહન ખરીદવાનું પસંદ કરતા હોય છે અને તે દૃષ્ટિકોણથી જોઈએ તો જુલાઈ-૨૦૧૮ દરમિયાન વાહનોના વેચાણોમાં ૧૫ ટકાની વૃદ્ધિ ઘણી સંતોષકારક છે.

નોર્મલ સંજોગોમાં જૂન મહિના દરમિયાન ત્રિમાસિક પરિણામોને કારણે કંપનીઓ વધારે પ્રમાણમાં ડિસ્પેચ કરી દે છે અને તે રીતે જુલાઈ મહિના દરમિયાન ડિસ્પેચ અને વેચાણો ઘટી જાય છે અને તે દૃષ્ટિકોણથી પણ જુલાઈ-૨૦૧૮ના વેચાણો ઘણાં જ સંતોષકારક છે.

મારુતિના વેચાણોમાં જુલાઈ મહિનામાં ૦.૬ ટકાનો ઘટાડો જોવાયો. મારુતિ દ્વારા ૧૫૨૪૨૭ યુનિટનું ડિસ્પેચ થયું છે, જે આગલા મહિને ૧૫૩૨૯૮ યુનિટના ડિસ્પેચ હતા અને મારુતિમાં આ આંકડા જાહેર થયા પછી શેરના ભાવમાં થોડો ઘટાડો જોવાયો હતો. તેમ છતાં મારુતિના માર્કેટિંગ ડિરેક્ટર શ્રી આર.સી. કાલ્સીના મંતવ્ય મુજબ જૂન મહિના દરમિયાન સ્વાભાવિક ડિસ્પેચ વધારે હોય અને તેથી એનાલિસ્ટોએ દર વખતે જૂન અને જુલાઈના વેચાણો એક સાથે જોવા જોઈએ અને તો જ સાચું ચિત્ર જાણી શકાય.

સામે પક્ષે મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાના વેચાણો પણ ૫.૯૬ ટકા ઘટીને ૧૯૭૮૧ યુનિટ થયા છે. જ્યારે હોન્ડાના વેચાણો નવી એમેઝને કારણે ૧૬.૮૯ ટકા વધી ૧૯૯૭૦ યુનિટ થઈ ગયા છે. ટાટા મોટર્સના વેચાણો પણ ૧૪.૩૭ ટકા વધી ૧૭૦૭૯ યુનિટ થયા છે. જ્યારે ટોયોટામાં નવું મોડેલ ના આવ્યું હોવાથી વેચાણોમાં ૨૩ ટકાનો સજ્જડ ઘટાડો છે અને ફોર્ડના વેચાણો પણ ૭.૧૫ ટકા ઘટ્યા છે. તેવી જ રીતે લિસ્ટીંગ ના ધરાવતી રેનોલ્ટ, નિશાન અને વોક્સવેગનના વેચાણોમાં પણ ઘટાડાનો ટ્રેન્ડ જોવાયો છે. તેમ છતાં કોટક સિક્યોરિટીના મંતવ્ય મુજબ જુલાઈ-૨૦૧૮ દરમિયાન ભારતના ઓટો સેક્ટરે ઘણો મજબૂત દેખાવ દર્શાવ્યો છે અને તમામ માર્કેટમાં માંગ એકંદરે બ્રોડ બેઝ ચિત્ર દર્શાવે છે. મારુતિ અને આઈશર મોટર્સ સિવાય અન્ય તમામ ઉત્પાદકોની કામગીરી ઘણી પ્રોત્સાહક છે અને ખાસ કરીને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રામાં ઓટો સેક્ટરમાં ૧૩ ટકાની વૃદ્ધિ જોવા મળી. જ્યારે તેના થ્રી વ્હિલરના વેચાણોમાં ૪૭ ટકા વૃદ્ધિ અને ટ્રેક્ટરના વેચાણોમાં ૨૦ ટકાનો ઉછાળો જોવા મળ્યો છે.

મિડિયમ અને હેવી કોમર્શિયલ વાહનોમાં જુલાઈ મહિના દરમિયાન ૨૫ ટકાનો ઉછાળો જોવા મળ્યો છે. એકંદરે કોમર્શિયલ વાહન ઉદ્યોગમાં નવા એક્સલ લોડના નિયમો આવી રહ્યા હોવાથી કોમર્શિયલ વાહન ઉદ્યોગનું ભાવિ થોડું નબળું પડ્યું છે અને ઉત્પાદકોને ભય છે કે આ નવા નિયમને કારણે હેવી ટ્રકના વોલ્યુમ વૃદ્ધિને અસર પડશે અને આ વિષય ઉપર એક વખત પૂરેપૂરી સ્પષ્ટતા આવે તે પછી જ નવો વૃદ્ધિદર શરૂ થવાની ગણતરી છે.




ટાટા મોટર્સના કોમર્શિયલ વાહનોના વેચાણો ૨૫ ટકાની વૃદ્ધિ દર્શાવે છે. જ્યારે અશોક લેલેન્ડના મિડિયમ અને હેવી કોમર્શિયલ વાહનોના વેચાણોમાં ૨૨ ટકાની વૃદ્ધિ છે. વોલ્વો આઈશરના મિડિયમ અને હેવી કોમર્શિયલ વાહનોના વેચાણો ૩૩ ટકા વધ્યા છે.

સામે પક્ષે ટુ વ્હીલર ઉદ્યોગમાં પણ જુલાઈ-૨૦૧૮ દરમિયાન બે આંકડાનો મજબૂત વૃદ્ધિદર જોવા મળ્યો છે અને તેમાં હિરોના વેચાણો વોલ્યુમની દૃષ્ટિએ ૯ ટકા વધ્યા છે. જ્યારે બજાજ ઓટોના વેચાણોમાં અગાઉનાં વર્ષની સરખામણીમાં ૩૦ ટકાનો સજ્જડ ઉછાળો છે અને તેના સ્થાનિક મોટરસાયકલના વેચાણોમાં ૨૨ ટકાની વૃદ્ધિ જોવા મળી છે.

બજાજ ઓટોમાં થ્રી વ્હીલરના વેચાણોમાં ૬૭ ટકાનો સજ્જડ ઉછાળો છે અને તેવી જ રીતે તેની નિકાસોમાં પણ ૩૪ ટકાની વૃદ્ધિ જોવાઈ છે.


શાંસ ચિત્તં મંટે મગજને દસેજ રંખે સેમજ ચિંસં,
અકળંમણ, ગુસ્દૈં તૂર કરે સે મંટે વૈઙ્નિક ઢબે સૈચંર
થૅસુ। ક્રૈંદવર્ડ મેગેઝીન

મગજમારી ભેજામારી

નિવૃત્તં લેંકૈં, ગૃહિણીઍં, બંળકૈં, ચંલીદીમાં પ્રવેશી ચૂકેલંઍં મંટે બેસ્ટ

તર બુધવંરે, કૈંપી બુક કરવેં


સામે પક્ષે ટીવીએસ મોટર્સના વેચાણો વોલ્યુમની દૃષ્ટિએ ૧૮ ટકા વધ્યા છે. જ્યારે તેના સ્કૂટરના વેચાણોમાં ૨૯ ટકા અને મોટરસાયકલના વેચાણોમાં ૧૧ ટકાની વૃદ્ધિ છે. આઈશરની રોયલ એનફિલ્ડના વેચાણો ૫ ટકા વધીને ૬૯૬૩૦ યુનિટ થઈ ગયા છે અને તેમાં જુલાઈના છેલ્લાં અઠવાડિયા દરમિયાન ટ્રાન્સપોર્ટરોની હડતાળની અસર અમુક અંશે જોવા મળી. એનાલિસ્ટોને રોયલ એનફિલ્ડમાં ૭૫૦૦૦ યુનિટના વેચાણો થશે તેવી અપેક્ષા હતી.

આમ, ઓટોમોબાઈલ સેક્ટરમાં અસાધારણ વૃદ્ધિદર જોવાયાની સામે ટાટા મોટર્સ દ્વારા જૂન ક્વાર્ટરમાં જંગી નુકસાન દર્શાવાયું અને ઘણાં ક્વાર્ટરો પછી ટાટા મોટર્સના આવા પરિણામોને કારણે અને ખાસ કરીને તેના જગુઆર અને લેન્ડરોવરના પરિણામો નબળા આવ્યા હોવાને કારણે શેર એકદમ દબાણ હેઠળ આવી ગયો છે. તેમ છતાં જેઓ લાંબાગાળાના રોકાણકારો છે અને અત્યારના નીચા ભાવે લઈને ૧૮ લઈને ૨૪ મહિના જાળવવા તૈયાર છે તેવા રોકાણકારો માટે અત્યારના નીચા ભાવનો લાભ લઈ લેવા માટે ટાટા મોટર્સના શેર કવર કરતા જવા જોઈએ અને આગામી દિવસોમાં આ શેરમાં ઝડપી ઉછાળાની ગણતરી છે.

તેવી જ રીતે **અશોક લેલેન્ડ**નો શેર પણ છેલ્લાં ઘણાં સમયથી સતત ઘટી રહ્યો હતો અને ખાસ કરીને તેના જૂન ક્વાર્ટરના પરિણામો જોરદાર આવવા છતાં વેચાણોમાં મોટો ઘટાડો જોવાયેલો અને આવા નબળા ટ્રેન્ડ પછી અશોક લેલેન્ડનો શેર અત્યારના રૂ. ૧૨૦ના ભાવે કવર કરીને મૂકી દેવાય અને હવે આ શેર કરેક્શન પતાવીને ઝડપથી તેજીતરફી થઈ જવાની સંભાવના છે.

પેસેન્જર કારના ક્ષેત્રમાં **મારુતિ**નો શેર નબળા વેચાણો પછી ભલે ઘટીને રૂ. ૯૧૫૬ ઉપર આવી ગયો હોય. પરંતુ આ શેરમાં રોકાણ જાળવી શકાય અને પ્રથમ ક્વાર્ટરના વોલ્યુમ વેચાણોની સરખામણીમાં જુલાઈ મહિનાના વેચાણો એક અપવાદરૂપ છે તેમ માનીને હવેના પરિણામો જોરદાર આવશે તે અપેક્ષા સાથે મારુતિનો શેર અત્યારના ભાવે કવર કરતા જવાય. મારુતિ માટે આપેલા એનાલિસિસ મુજબ અત્યારના નાના કરેક્શન પછી રૂ. ૧૨૦૦૦નો ભાવ આવવાની સંભાવના મજબૂત છે.

તેવી જ રીતે **બજાજ ઓટો**નો શેર પણ અત્યારના ભાવે કવર કરી શકાય. છેલ્લાં ઘણાં સમયથી બજાજ ઓટોનો શેર નબળાઈ બતાવતો હતો પરંતુ અત્યારના રૂ. ૨૬૮૦ના ભાવે આ શેરમાં કરેક્શન એકદમ છેલ્લા તબક્કામાં છે તેમ માનીને આગામી અઠવાડિયાથે તેજીની પોઝિશન બનાવી શકાય અને આગામી ૪ મહિના દરમિયાન આ શેરમાં ખૂબ સુંદર રિટર્ન છૂટવાની ગણતરી છે.

**હિરો મોટોકોર્પ** પણ છેલ્લાં ઘણાં સમયથી નબળાઈ બતાવતો હતો. અત્યારે રૂ. ૩૨૬૬ ઉપરના શેરમાં થોડાં શેર લઈને મૂકી દેવાય અને આગામી દિવસોમાં આ શેરમાં પણ ખૂબ મોટા ઉછાળાની જગ્યા છે. જ્યારે ટીવીએસ મોટર્સનો શેર અત્યારે કોન્સોલિડેશન અને નબળાઈમાં ફસાયો છે અને તેથી હાલના તબક્કે **ટીવીએસ મોટર્સ**માં શોર્ટટર્મમાં કમાઈ લેવાની જગ્યા મર્યાદિત છે.




રોયલ એનફિલ્ડ બનાવતી **આઈશર મોટર્સ**માં અગાઉ મોટરસાયકલના વેચાણો ૪૦થી ૫૦ ટકાના દરે વધી રહ્યા હતા. પરંતુ તેને બદલે હવે માંડ ૫ ટકાનો વૃદ્ધિદર રહ્યો છે અને તે પાસું ધ્યાનમાં રાખીએ તો હવે આઈશર મોટર્સના શેરમાં લાંબો કસ નથી દેખાતો અને તે શેરમાંથી અન્ય સિમેન્ટ સેક્ટરના સારા શેરમાં શિફ્ટ થઈ શકાય અને તેમાં રિટર્ન સારું છૂટશે તે સંભાવના મજબૂત છે.

ઓટોમોબાઈલ સેક્ટરમાં ટ્રેક્ટર કંપનીઓનો દેખાવ ઘણો જ પ્રોત્સાહક રહેશે અને તેવા સંજોગોમાં **મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા** અત્યારના ભાવે કવર કરવો ખોટો નથી અને આગામી સમયગાળામાં તે શેરમાં જોરદાર બાઉન્સ બેક મળવાની ગણતરી છે.

શોર્ટટર્મ એંગલથી **એસ્કોર્ટ**ના શેરમાં લાંબો કસ નથી દેખાતો અને તેનું વેલ્યુએશન એમ પણ ઘણું બધું ઊંચું આવી ગયું છે. એસ્કોર્ટમાં અત્યારના રૂ. ૯૦૪ના ભાવે હજી ભાવમાં થોડા ઘટાડાની સંભાવના વધારે છે. **વીએસટી ટિલર્સ** કે જે કૃષિ સેક્ટર માટે ઈક્વિપમેન્ટ બનાવે છે તેના શેરમાં પણ આ તબક્કે લાંબો કસ નથી દેખાતો. ખૂબ નાનું ઉત્પાદન છે અને પ્રોડક્ટ રેન્જ પણ એકદમ સિમિત છે.

**અતુલ ઓટો**ના શેરમાં ફોકસ વધારી શકાય. રાજકોટ સ્થિત અતુલ ઓટો હવે અમદાવાદમાં પ્લાન્ટ નાંખવા તત્પર છે અને સ્વાભાવિક છે કે આ પ્લાન્ટને કારણે તેના વેચાણો અને નફાશક્તિમાં તોતિંગ ઉછાળો જોવા મળશે.

શોર્ટટર્મ એંગલથી **સ્વરાજ ટ્રેક્ટર્સ**ના શેરમાં પણ ઉછાળાની જગ્યા છે અને તે શેરમાં પણ નાનું રોકાણ કરી શકાય. જ્યારે આ ગ્રૂપની **સ્વરાજ એન્જિન**ના પરિણામો પણ પ્રોત્સાહક આવ્યા અને જે સ્પીડથી ઓટોમોબાઈલમાં વેચાણો વધી રહ્યા છે તે જોતાં આગામી દિવસોમાં સ્વરાજ એન્જિનમાં પણ બમ્પર નફો આવે અને શેર ઝડપથી વધે તેવી ગણતરી છે.

ઓટો એન્સિલરી સેક્ટરમાં તાજેતરમાં લિસ્ટીંગ થયેલો **વેરોક** અને **સંધાર**નો શેર ધ્યાનમાં રખાય. આ બંને શેરો ખૂબ જ જોરદાર ફંડામેન્ટલ ધરાવે છે. વેરોકમાં આઈપીઓ પછી નાનું કરેક્શન જોવાશે અને તેથી આ કરેક્શનની તૈયારી રાખીને થોડાં થોડાં શેરો કવર કરતા જવાય. જ્યારે સંધારનો શેર રૂ. ૪૫૦ ઉપર ગયા પછી તાજેતરમાં જ રૂ. ૩૬૮ સુધી નીચો ઉતરી ગયેલો અને અત્યારે વધીને રૂ. ૩૮૦ ઉપર આવ્યો છે અને આ બોટમ આઉટ થયેલા શેરમાં નાનું રોકાણ કરી શકાય. ઓટોમોબાઈલ એરકંડીશન બનાવતી **સબ્રોસ**ના શેરમાં પણ અત્યારના રૂ. ૩૧૭ના ભાવે રોકાણ ખોટું નથી. હજી થોડાં દિવસો પહેલાં જ સબ્રોસ રૂ. ૨૧૨ સુધી નીચો ઉતરી ગયેલો અને અત્યારે વધીને રૂ. ૩૦૦ ઉપર આવી ગયો છે. હવે અપટ્રેન્ડમાં દાખલ થયેલા આ શેરમાં નાનું રોકાણ કરી શકાય. સરકાર હવે ટ્રકની કેબિનોમાં પણ એસી ફરજિયાત કરવા ઉત્સુક છે અને તેનો જોરદાર ફાયદો સબ્રોસને મળવાની ગણતરી છે અને તે એંગલથી થોડાં શેરો લઈને મૂકી દેવાય.

બેટરીની ટોચની ઉત્પાદક કંપની **અમરરાજા**નો શેર અત્યારે રૂ. ૮૨૩ ઉપર ચાલી રહ્યો છે અને બેતરફી વધઘટ પછી ધીરે ધીરે તેજીતરફી થઈ રહેલા અમરરાજા બેટરીના શેરમાં થોડું રોકાણ કરી શકાય અને આગામી દિવસોમાં આ શેરમાં રૂ. ૯૦૦-૯૨૪નો ભાવ આવવાની સંભાવના છે. જ્યારે બેટરીની ટોચની ઉત્પાદક કંપની **એક્સાઈડ**નો શેર અત્યારે રૂ. ૨૭૦ ઉપર છે અને આ કંપની હવે ગુજરાત ખાતેના ટેકઓવર કરાયેલા પ્લાન્ટમાં મહત્ત્વના ઉપયોગની બેટરીનું ઉત્પાદન કરવાની છે. ઈલેક્ટ્રિક બેટરીનું ઉત્પાદન પણ કરાશે અને તે પાછળ આ શેરમાં ફેન્સી વધતી જાય છે. થોડાંક શેર લઈને મૂકી દેવાય.

**એન્ડ્યોરન્સ ટેકનોલોજી**નો શેર અત્યારે રૂ. ૧૪૨૨ થઈને શોર્ટટર્મ ઘટાડાના તબક્કામાં છે. શેર અત્યારે ૪૫ના અતિશય ઊંચા વેલ્યુએશન ઉપર ચાલી રહ્યો છે અને આ શેરમાં થોડું પ્રોફીટ બુકીંગ કરી શકાય. જો ઈલેક્ટ્રિક વાહનો આવે તો એન્ડ્યોરન્સના એલ્યુમિનિયમ એન્જિન બ્લોકની જરૂરિયાત નીકળી જાય અને તે પાસું કંપનીના પગ તળેથી જાજમ જ ખસેડી લેશે.







**જીએનએ એક્સલ**નો શેર ખાસ ધ્યાનમાં રાખજો. આ કંપની ટ્રક માટેની એક્સલો બનાવે છે અને એક્સલના ધંધામાં ઓટોમોટિવ એક્સલ પછી રૂ. ૬૭૦ કરોડના વેચાણોવાળી આ કંપનીનું નામ છે. જ્યારે ઓટોમોટિવ એક્સલ ૧૨ મહિને રૂ. ૧૫૨૦ કરોડની એક્સલો વેચે છે. સરકાર હવે હાઈવે ઉપર અકસ્માત ના થાય અને રોડની લાઈફ વધે તે માટે એક્સલ પોલિસી લાવી રહી છે અને આ એક્સલ પોલિસીને કારણે ઓવરલોડિંગ બંધ કરવું પડશે અને તેને કારણે ટ્રકોના વેચાણો વધશે તે સંભાવના છે. સામે પક્ષે જીએનએ એક્સલનો શેર અત્યારે માંડ ૧૫ના પીઈ રેશિયો ઉપર મળી રહ્યો છે. કંપનીએ જૂન ક્વાર્ટર દરમિયાન નફામાં ૬૪ ટકાનો સજ્જડ ઉછાળો દર્શાવ્યો છે અને તે પાસું ધ્યાનમાં રાખીએ તો અત્યારના ભાવે થોડાંક શેરો લઈને મૂકી શકાય. જ્યારે **ઓટોમોબાઈલ એક્સલ**માં રૂ. ૧૮૨૪ના ટોપની સામે શેર રૂ. ૧૧૮૨ ઉપર મળી રહ્યો છે અને તે શેરમાં પણ મજબૂત ઉછાળાની ગણતરી છે.

ગાસ્કેટ બનાવતી **બેન્કો પ્રોડક્ટ**નો શેર અત્યારે ધીરે ધીરે ઘટીને રૂ. ૧૯૫ થઈ અત્યારે રૂ. ૧૯૯ ઉપર મળી રહ્યો છે. ઈલેક્ટ્રિક વાહનમાં રેડિયેટરની જરૂર નીકળી જશે અને તેને કારણે બેન્કો પ્રોડક્ટને પણ ઈલેક્ટ્રિક વાહનના ઉદય સાથે મોટો ફટકો પડવાનો ભય છે અને એમ પણ શેર અત્યારે નીચા અને આકર્ષક વેલ્યુએશન ઉપર આવી ગયો છે અને તેથી અત્યારના રૂ. ૧૯૯ના ભાવે નાનું રોકાણ કરી શકાય.

**ભારત સિટસ** અત્યારે રૂ. ૧૫૬ ઉપર છે અને તે શેરમાં લાંબો કસ નથી રહ્યો. દૂર જ રહેવું સલાહભરેલ.

**ઈન્ડોનિપોન ઈલેક્ટ્રિકલ** અત્યારે રૂ. ૫૦૧ ઉપર મળી રહ્યો છે અને આ કંપની દ્વારા માર્ચ ક્વાર્ટરમાં ૫૫ ટકાની વૃદ્ધિ હાંસલ થઈ હતી અને તેની સામે શેર અત્યારે આકર્ષક નીચા વેલ્યુએશન ઉપર ઉપલબ્ધ છે અને તેમાં નાનું રોકાણ કરી શકાય.

રૂ. ૬૧ના નીચા ભાવે મળતો **મુંજાલ ઓટો ઈન્ડસ્ટ્રીઝ**નો શેર ખોટો નથી. જ્યારે ડેશબોર્ડ માટેના ઈક્વિપમેન્ટ બનાવતી **પ્રિકોલ**નો શેર અત્યારે ફક્ત રૂ. ૬૫ ઉપર મળે છે અને આ ભાવે થોડાંક પ્રિકોલ લઈને મૂકી દેવાય.

**એમટેક ઓટો**ની ખરીદી હવે ફાઈનલ થઈ ગઈ અને તેને કારણે એમટેક ઓટોનો શેર હવે ધીમો સુધારો બતાવે તો નવાઈ નહીં લાગે. **તાલબ્રોસ ઓટો** અત્યારે ફક્ત રૂ. ૨૫૬ના ભાવ ઉપર મળી રહ્યો છે અને તે શેરમાં પણ રોકાણ વધારી શકાય. જ્યારે **માઈકો બોશ**ના શેરમાં અત્યારે લાંબો કસ નથી રહ્યો.

પ્રિરિાશના

**કેમશાફ્ટ** અત્યારે આઈપીઓ પછી સતત ઘટીને રૂ. ૭૪-૭૬ના બોટમ ઉપર મળી રહ્યો છે. વાસ્તવમાં કેમશાફ્ટની માંગ પણ ઝડપથી વધવાની છે અને તેનો ફાયદો ટોપલાઈન અને બોટમલાઈનમાં જોઈ શકાશે. અત્યારના બોટમ ભાવે થોડાંક પ્રિસિશન કેમશાફ્ટના શેર લઈને મૂકી શકાય.

**એલજી બાલકૃષ્ણન**માં પણ જૂન ક્વાર્ટરના પરિણામો જોરદાર આવ્યા છે અને આગામી દિવસોમાં એલજી બાલકૃષ્ણનના શેરમાં પણ ખૂબ સુંદર ઉછાળાની ગણતરી છે.

**ઓમેક્સ ઓટો** અત્યારે રૂ. ૧૨૨ ઉપર ચાલે છે અને કમાણીની સરખામણીમાં વેલ્યુએશન ઘણું નીચું છે. થોડાં શેર લઈને મૂકી શકાય.

નટ-બોલ્ટ બનાવતી **સુંદરમ ફાસ્ટનર**નો શેર પણ આગામી દિવસોમાં નાનું કરેક્શન બતાવે તે વખતે કવર કરી લેવાય.

દેશની ટોચની ટાયર કંપની **એપોલો ટાયરે** જૂન ક્વાર્ટર માટે ખૂબ જ સુંદર પરિણામો રજૂ કર્યા અને તેના નફામાં ૧૮૫ ટકાનો સજ્જડ ઉછાળો જોવાયો છે. ચાણક્યના ગયા અંકમાં પણ ચાર્ટ દ્વારા એપોલો ટાયર પકડી લેવાનું કહ્યું હતું. થોડાં શેરો આ ભાવે પણ કવર કરી શકાય.

**જેકે ટાયર**નું બેલેન્સશીટ એનાલિસિસ ચાણક્યમાં આપીને તે શેર લઈ લેવાનું હમણાં ૨ અઠવાડિયા પહેલાં કહ્યું હતું. જેકે ટાયર વધીને રૂ. ૧૩૩ ઉપર આવી ગયો છે અને આ શેર પરિણામોની સરખામણીમાં એકદમ કિફાયતી ભાવ ઉપર છે અને તેના રૂ. ૧૩૩ ઉપરના શેરમાં નાનું રોકાણ કરી શકાય. ઉપરમાં રૂ. ૧૫૫-૧૬૦નો ભાવ આવવાની ગણતરી છે.

**એમઆરએફ**નો શેર પાંચ આંકડાનો છે અને અતિશય મોંઘો છે તેમ છતાં આ શેરમાં શોર્ટટર્મ તેજી અકબંધ છે અને તેથી રોકાણ હોય તો આવતાં ૧૫-૩૦ દિવસ જાળવી રાખો અને ઘણો સારો ઉછાળો જોવા મળી શકશે.

ટેલિકોમ સેક્ટર અંગે થોડાં અંક પહેલાં વિસ્તૃત ચર્ચા કરીને આગામી દિવસોમાં ૫-જી લોન્ચિંગ આવ્યા પછી કંપનીઓને ગંભીર અસર પડશે તે સંભાવના દર્શાવેલી અને ગુરૂવારના છાપાંઓમાં તમે કદાચ વાંચ્યું હશે કે સરકાર ૫-જી અંગે પ્રાથમિક ટેસ્ટીંગ કરી રહી છે અને તેના ઓક્શન માટેની તૈયારીઓ પણ માળખું બનાવી રહી છે. **ભારતી એરટેલ, આઈડિયા** વગેરેના ૩-જીના પૈસા પણ વસૂલ નથી થયા અને અત્યારે આ બધી કંપનીઓ દક્ષિણ




**DYNAMIC INDUSTRIES LIMITED**

Plot No. 5501/2, Phase III, Nr. Trikampura Cross Road, G.I.D.C., Vatva, Ahmedabad - 382 445

Tel : 25897221-22-23

CIN : L24110GJ1989PLC011989

Email : accounts@dynaind.com Website : www.dynaind.com

**સૂચના**

સેબી (લીસ્ટિંગ ઓબ્લિગેશન ઍન્ડ ડિસક્લોઝર રિક્વાઈર્મેંટ) રેગ્યુલેશન્સ,૨૦૧૫ ના નિયમ ૪૭(૧)(એ) મુજબ,આથી સૂચના આપવામાં આવે છે કે કંપનીના બોર્ડ ઓફ ડાઈરેકટર્સની મીટિંગ ૧૦મી ઓગસ્ટ,૨૦૧૮,શુકવારના રોજ સાંજે ૫:૦૦કલાકે કંપનીની રજિસ્ટર્ડ ઓફીસ પર યોજાશે.જેનો હેતુ ૩૦મી જૂન,૨૦૧૮ના રોજ પૂર્ણ થયેલા ત્રિમાસિકના અનઓડિટેડ એકલ નાણાકીય પરિણામો ધ્યાનમાં લેવાનો અને મંજૂર કરવાનો છે.વધુ વિગતો કંપની ની વેબસાઈટ http://dynaind.com/investors_zone.html અને બીએસઈની વેબસાઈટ www.bseindia.com/stock-share-price/dynamic-industries-ltd/dynamind/524818/ પર મળશે.

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ ના હુકમથી
સહી/-
ગણેશ ટેમકર
કંપની સેક્રેટરી

સ્થળ: અમદાવાદ
તારીખ :૨ઓગસ્ટ,૨૦૧૮